◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

NEED24 NEWS
हर ख़बर, हर शहर

નીડ 24 ન્યૂઝ

દરેક ખબર, દરેક શહેર

◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

DIGITAL E-PAPER

PRGI APPLICATION
UNDER PROCESS
Application No.
T/GJ/2026/0619/2304/1577

GST
GSTIN
24CINPG0564Q1ZT

UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714

◆ DIGITAL NEWS NETWORK ◆
ભારતનું વિશ્વસનીય બહુભાષી ડિજિટલ ન્યૂઝ નેટવર્ક
11+ Languages | 24×7 Live | e-Paper Daily

અમારી App ડાઉનલોડ કરો
Download on the App Store
GET IT ON Google Play

www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:

तेज़ | सटीक | निष्पक्ष | जनहित में | सच की आवाज़ | जन-जन की आवाज़ | निडर पत्रकारिता

DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU | નીડ 24 ન્યૂઝ · દરેક ખબર, દરેક શહેર | 18 November 2026

CRIME

અમદાવાદ MD ડ્રગ્સ લેબ કેસમાં મોટો ખુલાસો, નેટવર્ક રાજસ્થાન અને મધ્યપ્રદેશ સુધી ફેલાયેલું, આરોપીના વધુ 3 દિવસના રિમાન્ડ મંજૂર



નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB), અમદાવાદ ઝોનલ યુનિટ દ્વારા સરખેજ-ગયાસપુર રોડ પર આવેલા લબ્બેક પાર્કના રહેણાંક મકાનમાંથી ઝડપાયેલી ગેરકાયદે મેફેડ્રોન (MD) ડ્રગ્સ બનાવવાની લેબોરેટરીના કેસમાં મહત્વની કડીઓ હાથ લાગી છે. NCB દ્વારા આરોપી મુદસ્સરઅહેમદખાન મન્સુરઅહેમદખાન પઠાણની વધુ 4 દિવસની કસ્ટડી રિમાન્ડની માંગણી સાથે અમદાવાદ (ગ્રામ્ય) કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં કોર્ટે આરોપીને વધુ 3 દિવસના રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો છે. બીજી તરફ તપાસમાં ખુલાસો થયો છે કે, આરોપીએ રાજસ્થાનના પ્રતાપગઢના પોલ્ટ્રી ફાર્મમાં પણ ડ્રગ્સ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. ઉપરાંત, આ કેસના તાર મધ્યપ્રદેશના મંદસૌર અને જાઓરા સુધી ફેલાયેલા હોવાથી આંતરરાજ્ય નેટવર્કની તપાસ તેજ કરવામાં આવી છે.

નવેમ્બરના રોજ આરોપીની ધરપકડ

ચોક્કસ બાતમીના આધારે NCB અમદાવાદની ટીમે ગયાસપુર ખાતે આવેલા લબ્બેક પાર્ક સ્થિત મુદસ્સરઅહેમદખાન પઠાણના રહેણાંક મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન મકાનના બેઝમેન્ટમાં ધમધમતી ગુપ્ત લેબોરેટરી મળી આવી હતી, જ્યાંથી અંદાજે 800 થી 900 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ તૈયાર થઈ શકે તેટલો કેમિકલનો જથ્થો અને સાધનો જપ્ત કરાયા હતા. આ ઉપરાંત સ્થળ પરથી 26.67 ગ્રામ લિક્વિડ મેફેડ્રોન અને 0.76 ગ્રામ પાવડર સ્વરૂપનું ડ્રગ્સ પણ કબજે લેવાયું હતું. NCBએ તા. 16 નવેમ્બરના રોજ NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ આરોપીની ધરપકડ કરી હતી. ત્યારબાદ આરોપીના 1 દિવસના રિમાન્ડ મેળવી NCBએ તપાસ તેજ કરી હતી, જેમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

કોર્ટે વધુ 3 દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા

આજે રિમાન્ડ પૂરા થતાં આરોપીને ફરી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે તેના વધુ 3 દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે. આંતરરાજ્ય સપ્લાય ચેઇન સ્થાપિત કરવા, ફરાર આરોપીઓની ધરપકડ કરવા, કેમિકલ સપ્લાયર્સની ઓળખ કરવા તેમજ ડ્રગ્સના વેચાણથી થયેલી આર્થિક લેવડદેવડ અને બેંક ટ્રાન્ઝેક્શનના પુરાવા એકત્ર કરવા માટે NCB દ્વારા આરોપીની વધુ પૂછપરછ કરવામાં આવશે.

રિમાન્ડ દરમિયાન પૂછપરછમાં થયેલા ચોંકાવનારા ખુલાસા

આંતરરાજ્ય ડ્રગ્સ સિન્ડિકેટના સભ્યોના નામ ખુલ્યા: આરોપીની પૂછપરછમાં આ નેટવર્ક ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશ સુધી ફેલાયેલું હોવાનું સામે આવ્યું છે. જેમાં રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના નૌગાંવના અકરમ ભાઈ, શેરદિલ ખાન, જુનૈદ ખાન અને મધ્યપ્રદેશના મંદસૌરના દાનિશની સંડોવણી ખુલી છે.

રાજસ્થાનના પોલ્ટ્રી ફાર્મમાં ડ્રગ્સ બનાવવાનો પ્રયાસ: આરોપીએ કબૂલ્યું છે કે તેણે અગાઉ રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના નૌગાંવ ખાતે આવેલા જુનૈદના પોલ્ટ્રી ફાર્મમાં જુનૈદ સાથે મળીને મેફેડ્રોન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત અકરમ ભાઈ અને શેરદિલ ખાન પણ નૌગાંવમાં ડ્રગ્સના ઉત્પાદન અને સપ્લાયમાં સામેલ હોવાનું બહાર આવ્યું છે.

મધ્યપ્રદેશથી કારમાં રોકડેથી ડ્રગ્સની ખરીદી: મુદસ્સરઅહેમદખાન પોતાના અંગત વપરાશ માટે મધ્યપ્રદેશના મંદસૌરના દાનિશ પાસેથી મેફેડ્રોન ખરીદતો હતો. આ માટે તે પત્નીના નામે રજિસ્ટર્ડ Citroen C3 કાર લઈને દાહોદ-મધ્યપ્રદેશ બોર્ડર અથવા મધ્યપ્રદેશના જાઓરા જતો હતો અને રોકડ રૂપિયા ચૂકવીને ડ્રગ્સની ડિલિવરી મેળવતો હતો.

અમદાવાદના ઓઢવ અને કઠવાડામાંથી કેમિકલની ખરીદી: ડ્રગ્સ બનાવવા માટે જરૂરી કેમિકલ્સ આરોપીએ ઓક્ટોબર 2024 દરમિયાન IndiaMART મારફતે અમદાવાદના ઓઢવ અને કઠવાડા વિસ્તારના સપ્લાયર્સ પાસેથી ખરીદ્યા હતા. જ્યારે લેબોરેટરી માટેના કાચના સાધનો (ગ્લાસવેર) ઓઢવ ખાતે આવેલી 'રૂહી' અથવા 'જુહી' નામની દુકાનમાંથી ખરીદ્યા હોવાની કબૂલાત કરી છે.

મિલકતો અને બેંક ખાતાની તપાસ: તપાસમાં આરોપીનું લબ્બેક પાર્ક ખાતે 2014માં ખરીદેલું મકાન, 1 એક્ટિવા સ્કૂટર તેમજ પત્નીના નામે કાર હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત આરોપીના ICICI બેંક અને SBIમાં ખાતા છે, જ્યારે તેની પત્નીનું ICICI બેંકમાં ખાતું છે. બેઝમેન્ટ લેબોરેટરી બનાવવા અને મિલકતો વસાવવા માટે રૂપિયા ક્યાંથી આવ્યા તેની તપાસ હાથ ધરાઈ છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

LIFESTYLE

વડોદરાના સ્પા સેન્ટરમાં પરપ્રાંતીય યુવતીઓની ભરતી,વધુ બે સ્પા સંચાલકો સામે ગુનો નોંધાયો



આમ છતાં કેટલાક સ્પામાં પરપ્રાંતીય યુવતીઓ તેમજ કર્મચારીઓની માહિતી છુપાવવામાં આવતી હોવાથી પોલીસ દ્વારા સેન્ટરમાં ચેકિંગ કરવામાં આવતું હોય છે. બે દિવસ પહેલા ગોત્રીના ધ એનજે સ્પાના સંચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા સ્પા સેન્ટરો સામે ઝુંબેશ ચાલુ રાખવામાં આવી છે અને વધુ બે કેસ કરવામાં આવ્યા છે. આ પૈકી ફતેગંજ મંગલ કીર્તિ એપાર્ટમેન્ટમાં આવેલા એપલ સ્પામાં પરપ્રાંતિય કર્મચારી રાખવા બદલ પોલીસે સંચાલક હું મયુર રમેશભાઈ રાજપુત (રહે-શામળ કુવા ચાર રસ્તા પાસે, પાદરા કરજણ રોડ) સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. જ્યારે અલકાપુરીના માધવ કોમ્પ્લેક્સમાં પ્લેનેટ સ્પા ચલાવતા તરુણ ધીરજ લાલ પટેલ (ટ્રેટ ગામ, વિરમગામ હાલ રહે સુંદરવન સોસાયટી, ન્યુ સમા રોડ) સામે પણ આવી જ રીતે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

— sutariya kalpeshbhai haribhai, Surat

LOCAL

પાવર ઓફ એટર્નીમાં ચેડા કરીને જમીન પચાવી પાડવાના કૌભાંડ અંગે ગુનો દાખલ



વડોદરામાં ભાયલી ગામના જીગ્નેશ ભુપેન્દ્રભાઈ પટેલે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, અમારી સંયુક્ત માલિકીની ભાયલી ગામની જમીનો પૈકી માત્ર બ્લોક નંબર 232 ની જમીન વેચાણ કરવા માટે અગાઉ જીતેન્દ્રભાઈ છોટાભાઈ પટેલને પાવર ઓફ એટર્ન આપી હતી. આ જમીન વેચાઈ ગયા બાદ, જીતેન્દ્રભાઈએ તે અસલ પાવર ખોવાઈ ગયાનું જણાવી રદ કરવાનો દાવો કર્યો હતો. પરંતુ, તે બાદ જીતેન્દ્રભાઈએ અન્ય આરોપી નયનકુમાર ભગવાનદાસ પટેલ ઉર્ફે મેવડા સાથે મળીને પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું.

આ આરોપીઓએ તે અસલ પાવર ઓફ એટર્નીના પાના નં. 2 માં ચેડાં કરીને મૂળ માલિકોની જાણ બહાર અન્ય તમામ સર્વે નંબરવાળી કિંમતી જમીનો પણ તેમાં ઉમેરી દીધી હતી. આ બનાવટી અને ખોટા પાવરનો ઉપયોગ કરીને સબ-રજિસ્ટ્રાર કચેરી વડોદરા ગ્રામ્ય ખાતે ખોટા બાનાખત અને દસ્તાવેજો તૈયાર કરાવ્યા હતા તેમજ નોટરી સમક્ષ ખોટા સોગંદનામા રજૂ કર્યા હતા. આરોપીઓએ કિંમતી જમીનો સસ્તા ભાવે પડાવી લઈ મારી સાથે તેમજ અન્ય જમીન માલિકો સાથે વિશ્વાસઘાત અને આર્થિક છેતરપિંડી આચરી છે.

આ ગંભીર ગુના અંગે જીતેન્દ્રભાઈ છોટાભાઈ પટેલ અને નયનકુમાર ભગવાનદાસ પટેલ વિરુદ્ધ ગુનો દાખલ કરી રાવપુરા પોલીસે તપાસ હાથ ધરી છે.

— sutariya kalpeshbhai haribhai

LOCAL

બરોડાની ગાજરાવાડી સ્લોટર હાઉસમાં મૃતકવંશના પશુઓના અવશેષો ખુલ્લામાં મૂકી દેવાતા ભારે રોષ



વડોદરા શહેરના ગાજરાવાડી વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાના મૃત પશુ નિકાલ કેન્દ્રમાં ગંભીર બેદરકારી સામે આવી છે. અહીં મૃત ગાય તથા ગૌવંશના શરીર પરથી ચામડી ઉતારી લીધા બાદ તેમના કંકાલ અને હાડકાં ખુલ્લા મેદાનમાં રખડતા શ્વાનો માટે આહાર તરીકે મૂકી દેવામાં આવતા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

આ અંગે વિજયભાઈ એમ.ભાવસારે વડોદરા મહાનગરપાલિકાના મેયર, સ્થાયી સમિતિના ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી કાયદેસરની કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. અરજદારના જણાવ્યા અનુસાર, આ પ્રશ્ન માત્ર સ્વચ્છતા અને જાહેર આરોગ્ય પૂરતો મર્યાદિત નથી, પરંતુ હિન્દુ સમાજની ગૌવંશ પ્રત્યેની ધાર્મિક આસ્થા અને લાગણી સાથે પણ જોડાયેલો છે. સનાતન ધર્મમાં ગાયને માતા સમાન પૂજનીય સ્થાન આપવામાં આવ્યું છે, ત્યારે મૃત ગૌવંશના મૃતદેહનો સન્માનજનક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ થવો અનિવાર્ય છે.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, 1949ની કલમ 292, 309 અને 458 મુજબ મૃત પશુઓના અંતિમ નિકાલ તથા તેના નિયમનની જવાબદારી તંત્રની છે. આ ઘટનાને પગલે તંત્ર સમક્ષ કેટલીક મુખ્ય માગણીઓ રજૂ કરવામાં આવી છે, જેમાં ગાજરાવાડી કેન્દ્રની ઉચ્ચસ્તરીય તપાસ કરવી, ચામડી ઉતારવા અને હાડકાં વેચાણની મંજૂરી તપાસવી, ખુલ્લામાં અવશેષો નાખવાની પ્રવૃત્તિ તાત્કાલિક અટકાવવી અને જવાબદાર અધિકારીઓ સામે કાયદાકીય પગલાં લેવાનો સમાવેશ થાય છે. જો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી સમયમાં જિલ્લા કલેક્ટર, રાજ્ય સરકાર અને જરૂર પડ્યે ગુજરાત હાઈકોર્ટમાં દાદ માગવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

મહાનગરપાલિકાના મેયર, સ્થાયી સમિતિના ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી કાયદેસરની કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. અરજદારના જણાવ્યા અનુસાર, આ પ્રશ્ન માત્ર સ્વચ્છતા અને જાહેર આરોગ્ય પૂરતો મર્યાદિત નથી, પરંતુ હિન્દુ સમાજની ગૌવંશ પ્રત્યેની ધાર્મિક આસ્થા અને લાગણી સાથે પણ જોડાયેલો છે. સનાતન ધર્મમાં ગાયને માતા સમાન પૂજનીય સ્થાન આપવામાં આવ્યું છે, ત્યારે મૃત ગૌવંશના મૃતદેહનો સન્માનજનક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ થવો અનિવાર્ય છે.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, 1949ની કલમ 292, 309 અને 458 મુજબ મૃત પશુઓના અંતિમ નિકાલ તથા તેના નિયમનની જવાબદારી તંત્રની છે. આ ઘટનાને પગલે તંત્ર સમક્ષ કેટલીક મુખ્ય માગણીઓ રજૂ કરવામાં આવી છે, જેમાં ગાજરાવાડી કેન્દ્રની ઉચ્ચસ્તરીય તપાસ કરવી, ચામડી ઉતારવા અને હાડકાં વેચાણની મંજૂરી તપાસવી, ખુલ્લામાં અવશેષો નાખવાની પ્રવૃત્તિ તાત્કાલિક અટકાવવી અને જવાબદાર અધિકારીઓ સામે કાયદાકીય પગલાં લેવાનો સમાવેશ થાય છે. જો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી સમયમાં જિલ્લા કલેક્ટર, રાજ્ય સરકાર અને જરૂર પડ્યે ગુજરાત હાઈકોર્ટમાં દાદ માગવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

— **sutariya kalpeshbhai haribhai, Surat**

CRIME

ડભોઇ રેલવેના મહિલા પીએસઆઇ રૂા.૨૦ હજારની લાંચ લેતા ઝડપાયા



ડભોઇ રેલવે પોલીસના મહિલા પીએસઆઇ દારૂના ગુનાના આરોપી પાસેથી મોબાઇલ ઝૂંટવી લીધા બાદ તેને પરત કરવા માટે રૂા.૨૦ હજારની લાંચ લેતા પોતાના જ પોલીસ સ્ટેશનમાં જ રંગે હાથ ઝડપાઇ ગયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ડભોઇ રેલવે પોલીસ સ્ટેશનમાં એક માસ પહેલા દારૂનો ગુનો નોંધાયો હતો. આ ગુનાની તપાસ પોલીસ સ્ટેશનના પીએસઆઇ એકતા જયંતીભાઇ પંડયા (રહે.ડભોઇ રેલવે કોલોની, મૂળ બહુમાળી ભવનની પાછળ, અમરેલી) કરતા હતાં. દારૂના આ ગુનાના આરોપી પોતાની ધરપકડ ટાળવા માટે ગુજરાત હાઇકોર્ટમાં ગયા હતા અને ત્યાંથી આગોતરા જામીન મંજૂર કરાવ્યા હતાં.

બાદમાં દારૂના ગુનાનો આરોપી ડભોઇ રેલવે પોલીસ સ્ટેશનમાં હાજર થયો હતો ત્યારે પીએસઆઇ એકતા પંડયાએ તેનો મોબાઇલ લઇ લીધો હતો અને જો આ મોબાઇલ પરત જોઇતો હોય તો રૂા.૨૦ હજાર આપવા પડશે તેમ કહ્યું હતું. દરમિયાન દારૂના ગુનાના આરોપીને લાંચની રકમ આપવી નહી હોવાથી તેને લાંચ રુશ્વત વિરોધી બ્યૂરોમાં ફરિયાદ કરી હતી.

આ ફરિયાદ બાદ છોટાઉદેપુરના પીઆઇ એસ.કે. ચારેલે સ્ટાફના માણસો સાથે લાંચનું છટકું ગોઠવ્યું હતું. દારૂના ગુનાનો આરોપી લાંચની રકમ રૂા.૨૦ હજાર લઇ પોતાનો મોબાઇલ છોડાવવા ગયો હતો. પીએસઆઇ એકતા પંડયાની ચેમ્બરમાં તેને રૂા.૨૦ હજાર આપી સુચિત ઇશારો કરતાં જ એસીબીની ટીમે મહિલા પીએસઆઇને લાંચની રકમ સાથે ઝડપી પાડી હતી. આ અંગે ભ્રષ્ટાચાર અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

— **sutariya kalpeshbhai haribhai, Surat**

જૂનાગઢ પરિક્રમામાં જનારા લોકો માટે રેલવેનો નિર્ણય, 18થી 26 નવેમ્બર સુધી રાજકોટથી 2 જોડી સ્પેશિયલ ટ્રેન દોડશે



જૂનાગઢમાં યોજાનાર પરિક્રમા મેળામાં ઉમટનાર મુસાફરોના વધારાના ધસારાને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ અને જૂનાગઢ વચ્ચે બે જોડી મેળા સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 18થી 26 નવેમ્બર, 2026 દરમિયાન નિર્ધારિત દિવસોમાં દોડનારી આ બંને જોડી ટ્રેનો સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ રહેશે, જેથી હજારો શ્રદ્ધાળુઓ અને મુસાફરોને સીધી સુવિધા મળશે.

પ્રથમ જોડી ટ્રેન નંબર 09604/09603 રાજકોટ-જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલ

સમયપત્રક: ટ્રેન નંબર 09604 રાજકોટથી સવારે 10:25 વાગ્યે ઉપડીને બપોરે 13:00 વાગ્યે જૂનાગઢ પહોંચશે. વળતામાં ટ્રેન નંબર 09603 જૂનાગઢથી બપોરે 13:40 વાગ્યે ઉપડીને સાંજે 17:05 વાગ્યે રાજકોટ પરત ફરશે.

-સંચાલનના દિવસો: આ ટ્રેન 18થી 26 નવેમ્બર, 2026 સુધી દરરોજ દોડશે (20 અને 24 નવેમ્બર સિવાય).

બીજી જોડી ટ્રેન નંબર 09606/09605 રાજકોટ-જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલ

સમયપત્રક: ટ્રેન નંબર 09606 રાજકોટથી રાત્રે 23:30 વાગ્યે ઉપડીને બીજા દિવસે મધ્યરાત્રિએ 02:45 વાગ્યે જૂનાગઢ પહોંચશે. વળતામાં ટ્રેન નંબર 09605 જૂનાગઢથી સવારે 04:25 વાગ્યે ઉપડીને સવારે 06:55 વાગ્યે રાજકોટ પહોંચશે.

સંચાલનના દિવસો: આ ટ્રેન 18થી 26 નવેમ્બર, 2026 સુધી દરરોજ દોડશે (19 અને 23 નવેમ્બર સિવાય).

કયા સ્ટેશનો પર સ્ટોપેજ મળશે

રાજકોટ ડિવિઝનના પ્રબંધકના જણાવ્યા અનુસાર, આ બંને જોડી ટ્રેનો બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશનો પર રોકાશે. આ તમામ ટ્રેનો અનરિઝર્વ્ડ હોવાથી મુસાફરો સામાન્ય ટિકિટ લઈને સરળતાથી મુસાફરી કરી શકશે.

— **sutariya kalpeshbhai haribhai, Surat**

LIFESTYLE

જાપાને 48 દેશો સામે મૂક્યો મોટો પ્રસ્તાવ, એશિયામાં ક્યારેય નહીં વધે પેટ્રોલ-ડીઝલના ભાવ!



મધ્ય પૂર્વમાં ઈરાન યુદ્ધના કારણે સર્જાયેલા વૈશ્વિક ઊર્જા સંકટ અને ક્રૂડ ઓઇલની આસમાને પહોંચેલી કિંમતો વચ્ચે જાપાને એશિયાઈ દેશોને મોટી રાહત આપતો એક ઐતિહાસિક પ્રસ્તાવ રજૂ કર્યો છે. જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઇચી(Sanae Takaichi)એ મંગળવાર, 17 નવેમ્બર 2026ના રોજ ફિલિપાઇન્સની રાજધાની મનીલામાં ASEAN શિખર સંમેલનમાં 48 દેશો સમક્ષ 'એશિયન એનર્જી એજન્સી'(Asian Energy Agency) બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે.IEAનું એશિયન વર્ઝન: પીએમ તાકાઇચીએ જણાવ્યું કે તેઓ 1974માં તેલ સંકટ સમયે બનેલી 'ઇન્ટરનેશનલ એનર્જી એજન્સી'(IEA)ના તર્જ પર તેનું એશિયન વર્ઝન અને 'તેલ સુરક્ષા ટાસ્ક ફોર્સ' બનાવવા માંગે છે.

કટોકટીમાં તેલ ભંડારની વહેંચણી: જાપાન ઈન્ડોનેશિયા સ્થિત આર્થિક સંશોધન સંસ્થા(ERIA) સાથે મળીને આ ટાસ્ક ફોર્સનું નેતૃત્વ કરશે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય યુદ્ધ કે કટોકટીના સમયે સભ્ય દેશોના રાષ્ટ્રીય તેલ ભંડારમાંથી તેલ જારી કરવા અને એકબીજા સાથે શેર કરવા માટે નિયમો તૈયાર કરવાનો છે.

ઈરાન યુદ્ધ અને ભારત-જાપાન જેવા દેશો પર અસર

ફેબ્રુઆરીના અંતમાં શરૂ થયેલા ઈરાન યુદ્ધ દરમિયાન હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે જ્યાંથી વિશ્વનો 20%થી વધુ ક્રૂડ ઓઇલ સપ્લાય થાય છે તે બ્રેન્ટ ક્રૂડના ભાવ 126 ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા હતા.

ભારતને મોટો ફાયદો: ભારત પોતાની જરૂરિયાતનું આશરે 90% ક્રૂડ ઓઇલ આયાત કરે છે. જો એશિયાઈ દેશો વચ્ચે આવું સુરક્ષા કવચ તૈયાર થાય, તો ભવિષ્યમાં વૈશ્વિક સંકટ સમયે પણ પેટ્રોલ-ડીઝલના ભાવ અને મોંઘવારીને નિયંત્રણમાં રાખી શકાશે

— **sutariya kalpeshbhai haribhai, Surat**

અંજાર-ગાંધીધામ હાઈવે ઉપર ચાલુ ટ્રકમાં ટાયર બ્લાસ્ટ થતા ગાડીમાં આગ લાગી હતી. મળતી માહિતી મુજબ, ટ્રક ગાંધીધામ તરફ જઈ રહી હતી ત્યારે અચાનક ટાયર ફાટ્યું હતું



અંજાર-ગાંધીધામ હાઈવે ઉપર ચાલુ ટ્રકમાં ટાયર બ્લાસ્ટ થતા ગાડીમાં આગ લાગી, કોઈ જાનહાનિ નહીં

અંજાર-ગાંધીધામ હાઈવે ઉપર ચાલુ ટ્રકમાં ટાયર બ્લાસ્ટ થતા ગાડીમાં આગ લાગી હતી. મળતી માહિતી મુજબ, ટ્રક ગાંધીધામ તરફ જઈ રહી હતી ત્યારે અચાનક ટાયર ફાટ્યું હતું. ટાયર ફાટવાના કારણે ટ્રકમાં આગ લાગી ગઈ હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને ટ્રકને રસ્તાની બાજુમાં ઉભી રાખીને તાત્કાલિક બહાર નીકળી ગયો હતો. આથી કોઈ જાનહાનિ થઈ નથી. આગની જાણ થતા ફાયર વિભાગની ટીમ દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનાને કારણે હાઈવે પર થોડો સમય ટ્રાફિક જામ થયો હતો. ટ્રકને ભારે નુકસાન થયું છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

- આપણા સમાચાર કચ્છ

— **Naresh katua**

INTERNATIONAL

રશિયામાં મોટી વિમાન દુર્ઘટના: હવામાં આગ લાગ્યા બાદ આર્મીનું પ્લેન ક્રેશ થયું, 17 લોકોના મોત



રશિયાના કેમેરોવો (Kemerovo) વિસ્તારમાં રશિયન આર્મીનું એક એએન-12 (An-12) વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું છે, જેમાં સવાર તમામ 17 લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. પ્રત્યક્ષદર્શીઓ અને સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઉડાન દરમિયાન વિમાનમાં હવામાં જ અચાનક આગ લાગી ગઈ હતી. ત્યારબાદ વિમાન ઝડપથી નીચે તરફ પડવા લાગ્યું અને જમીન સાથે ટકરાતા જ તેમાં જોરદાર વિસ્ફોટ થયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે વિમાનમાં સવાર કોઈપણ વ્યક્તિને બચાવી શકાયા નથી.રશિયન મીડિયાના રિપોર્ટ અનુસાર, કેમેરોવો વિસ્તારના ગવર્નર ઈલ્યા સેરેડ્યુકે સ્થાનિક સમય અનુસાર રાત્રે અંદાજે 9:30 વાગ્યે આ દુર્ઘટનાની જાણકારી આપી હતી. વિમાનમાં આગ લાગી ગઈ હતી અને ક્રૂએ અંતિમ સમય સુધી સળગતા વિમાનને રહેણાંક ઈમારતોથી દૂર લઈ જવાનો પ્રયાસ કર્યો, જેથી જમીન પર જાન-માલનું નુકસાન ન થાય. આ વિમાન સાઇબેરિયાના નોવોસિબિર્સ્ક (Novosibirsk) થી ક્રાસ્નોયાર્સ્ક ક્રાઈના કાંસ્ક (Kansk) જઈ રહ્યું હતું.

વિમાન ક્રેશ થવાના અસલી કારણની તપાસ

ગવર્નર સેરેડ્યુકે જણાવ્યું કે દુર્ઘટનાસ્થળ પર એક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર બનાવવામાં આવ્યું છે. ઘટનાસ્થળે મેડિકલ ટીમ, પોલીસ, આપાતકાલીન સેવાઓ અને નેશનલ ગાર્ડના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. હાલ વિમાન ક્રેશ થવાનું અસલી કારણ સામે આવી શક્યું નથી અને મામલાની તપાસ કરવામાં

Surat

LOCAL

અવસાન નોધ



બોટાદ તાલુકા ના ઝમરાળા ગામ ના રહેવાસી

જીવરાજભાઈ પ્રેમજીભાઈ રાઘાણી નુ ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સ્વર્ગ વાસ થયા છે જેથી ઝમરાળા ગામ ના રાઘાણી પરિવાર મા શોક નુ માતમ છવાયુ છે તેમજ તેમના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના

— **sutariya kalpeshbhai haribhai, Surat**

HEALTH

સુરતમાં સિવિલ હોસ્પિટલમાં ડિજિટલ સિસ્ટમનું લોન્ચ, 47 વોર્ડમાં એન્ટ્રી અને ડિસ્ચાર્જ ઓનલાઈન



સુરત સિવિલ હોસ્પિટલમાં ઇન્ચાર્જ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. પારુલ વડગામાના હસ્તે ડિજિટલ સિસ્ટમનું ઔપચારિક લોન્ચ કરવામાં આવ્યું. આ સિસ્ટમથી હવે હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓની એન્ટ્રી, ડિસ્ચાર્જ અને ડેથ સંબંધિત તમામ વિગતો ઓનલાઈન થશે.

સિસ્ટમ 47 વોર્ડમાં સમાન રીતે લાગુ કરવામાં આવી છે, જેના કારણે સ્ટાફને છ જેટલા મોટા રજિસ્ટરોમાં નોંધણી કરવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. ડોક્ટરો અને નર્સીસને હવે કેસ પેપર શોધવાની મુશ્કેલી નહીં રહે, કારણ કે એક જ ક્લિકમાં દર્દીની હિસ્ટ્રી અને સારવારની તમામ વિગતો ઉપલબ્ધ રહેશે.

ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ડિસ્ચાર્જ અને ડેથ સંબંધિત માહિતી પણ તાત્કાલિક અપડેટ થશે, જે હોસ્પિટલની કાર્યક્ષમતા અને રિપોર્ટિંગમાં સુધારો કરશે. આ પગલું સિવિલ હોસ્પિટલમાં પેપરલેસ વ્યવસ્થા તરફનું મહત્વપૂર્ણ કદમ ગણાય છે, જે દર્દી સેવા અને આંતરિક પ્રક્રિયાઓને આધુનિક બનાવશે.

— **Hariom Borse, Surat**

HEALTH

નવી સિવિલ હોસ્પિટલમાં તમામ વોર્ડમાં ડિજિટલ એન્ટ્રી શરૂ, પેપરલેસ બન્યું



નવી સિવિલ હોસ્પિટલમાં આજે તમામ વોર્ડમાં ડિજિટલ એન્ટ્રી સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. આ પગલાથી દર્દી નોંધણી, દવાઓની માહિતી અને અન્ય કાગળકાર્યો ઇલેક્ટ્રોનિક રીતે થાય છે, જેના કારણે હોસ્પિટલ પેપરલેસ બની રહી છે.

ડિજિટલ એન્ટ્રી દ્વારા દર્દીઓની માહિતી ઝડપી અને સુરક્ષિત રીતે પ્રોસેસ થાય છે, અને સ્ટાફનું કામ સરળ બને છે. આ નવી વ્યવસ્થા હોસ્પિટલની કાર્યક્ષમતા અને સેવા ગુણવત્તા સુધારવામાં સહાય કરશે.

હોસ્પિટલ અધિકારીઓએ જણાવ્યું છે કે આ સિસ્ટમની અમલવારીથી કાગળની જરૂરિયાત ઘટશે અને પર્યાવરણને પણ લાભ થશે.

— **Hariom Borse, Surat**

શ્રી કૃષ્ણે પહેલાં વાર ગાયો ને ચરાવવા નો કાર્ય શરૂ કર્યો હતો



ગૌજ્યોતિ ગૌશાળા (ગૌ હોસ્ટેલ) તાતિવેલા માં ગોપાશ્ટમી મહોત્સવ મનાવવામાં આવ્યો.જેઓની ગૌજ્યોતિ ગૌ હોસ્ટેલમાં ગૌ માતાઓ છે, તે તમામ પરિવાર અને કલ્યાણ શાખા (જવાન ગ્રુપ) ના ગૌ પ્રેમીઓ દ્વારા ગૌ પૂજા અને આરતી કરીને ગૌ માતાનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો. ગોપાશ્ટમીના પવિત્ર પર્વ પર ગૌ માતાની પૂજા અને આરતી, પ્રસાદનું આયોજન ગૌજ્યોતિ ગૌશાળા (ગૌ હોસ્ટેલ) ના સંચાલક શ્રી લક્ષણભાઈ સોલંકી અને શ્રી મિત્તલબેહેન બંધિયા દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું અને ગોપાશ્ટમી કેમ મનાવવી જોઈએ તેનો મહત્વ શ્રી લક્ષણભાઈએ સમજાવ્યો.પવિત્ર પર્વ ગોપાશ્ટમી મહોત્સવ પર અમે બધા ગૌ પ્રેમીઓને યાદ કરીને આમંત્રણ આપતા અને આ અવસર પ્રદાન કરતા ગૌજ્યોતિ ગૌ હોસ્ટેલના સંચાલક શ્રી લક્ષણભાઈ સોલંકીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ કે આ શુભ અવસર પર અમને ગૌ માતાની સેવા અને પૂજા કરવાનો અવસર મળ્યો, અમે બધા ધન્ય થઈ ગયા.ગોપાશ્ટમીનું મહત્વ અને કથા• ગૌચારણ લીલાની શરૂઆત: પૌરાણિક માન્યતાઓ મુજબ, આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણે પ્રથમ વખત બછડાઓની જગ્યાએ ગાયોને ચરાવવા નો કાર્ય શરૂ કર્યો હતો.• નામકરણ: આ ઐતિહાસિક દિવસ પછીથી ભગવાન શ્રીકૃષ્ણને 'ગોપાલ' અને 'ગોવિંદ' નામથી બોલાવા લાગ્યા.• 33 કરોડ દેવી-દેવતાઓનું વસ: એવી માન્યતા છે કે ગાયના શરીરમાં 33 કરોડ દેવી-દેવતાઓનું વસ હોય છે, તેથી ગૌમાતાની સેવા દ્વારા તમામ દેવી-દેવતાઓની કૃપા પ્રાપ્ત થાય છે.માહિતી સ્ત્રોત સામાજિક કાર્યકર્તા દીપક જી સિંઘવડ

— **SUDIP GADHIYA**

LOCAL

ટ્રક અકસ્માતમાં 12-13 કાર હડફેટે, પાલનપૂર-મેહસાણાઆ હાઈવે પર અનેક મૃત્યુ



પાલનપૂર-મેહસાણા હાઈવે ઉપર એરોમા સર્કલ પાસે એક ટ્રક અકસ્માત થયો, જેમાં ટ્રક 12 થી 13 કાર સાથે હડફેટે. આ દુર્ઘટનામાં અનેક લોકોના મૃત્યુ થયા હોવાનું અહેવાલ છે.

આ અકસ્માતના સમયે ટ્રક અને કારોનું ગતિમાન હતું, અને હડફેટે ગંભીર નુકસાન પહોંચાડ્યું. સ્થાનિક અધિકારીઓ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા અને મૃતકોની સંભાળ માટે પ્રયાસ કરી રહ્યા છે.

પોલીસે તપાસ શરૂ કરી છે અને અકસ્માતના કારણો જાણવા માટે પુરાવા એકત્રિત કરી રહ્યા છે. આ ઘટનાએ માર્ગ સુરક્ષા અંગે ચેતવણી આપી છે અને સંબંધિત વિભાગો દ્વારા માર્ગ સુરક્ષા પગલાં લેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

— **SHRIMALI MANOJ**

ગોપાષ્ટમી નિમિત્તે કુકસવાડાની 'માં ગૌ સેવા હોસ્પિટલ' ખાતે ગૌપૂજન અને અન્નકોટ સમાન લાપસી મહોત્સવ સંપન્ન



માંગરોળ, ૧૭-૧૧-૨૦૨૬

ગૌમાતાને માત્ર પ્રાણી નહીં, પરંતુ જગતજનની માતા સ્વરૂપ અને તેત્રીસ કોટી દેવતાઓના નિવાસસ્થાન તરીકે પૂજનીય સ્થાન આપવામાં આવ્યું છે. ગૌમાતા પ્રત્યેનો આ જ અનન્ય કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરવા માટે દર વર્ષે કાર્તક સુદ આઠમ એટલે કે 'ગોપાષ્ટમી'ના પાવન પર્વ નિમિત્તે વિશેષ પૂજન-અર્ચન થાય છે.

આજે ગોપાષ્ટમીના પવિત્ર તહેવાર પર માંગરોળ તાલુકાના કુકસવાડા ગામે આવેલ સુપ્રસિદ્ધ 'માં ગૌ સેવા હોસ્પિટલ' ખાતે ગૌવંશની સેવા અને પૂજનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ સંસ્થા અશક્ત, બીમાર અને નિરાધાર ગાયોની સેવા તથા ઉત્તમ સારવાર માટે સમગ્ર વિસ્તારમાં જાણીતી છે.

આજના પવિત્ર દિવસે હોસ્પિટલ પરિસરમાં બિરાજમાન ગૌમાતાનું વિધિવત કુમકુમ તિલક, ફળાહાર અને પુષ્પહાર અર્પણ કરી પૂજન કરવામાં આવ્યું હતું.

ગૌમાતાને વિશેષ લાપસીનું ભોજન કરાવી ધન્યતા અનુભવવામાં આવી હતી.

કુકસવાડા ની માં ગૌ સેવા હોસ્પિટલ અપંગ, એક્સિડન્ટ નો ભોગ બનેલ તેમજ કંબોઈ ના કેન્સર ગર્ભાશય ના કેન્સર ના ઓપરેશન તેમજ અન્ય નાની મોટી બિમારી ની સારવાર નિસ્વાર્થ ભાવે કરવા મા આવે છે.

અહીં રોજ આવી બિમારી થી પિડીત ગૌ માતા ઓ અને ગૌ વંશ સારવાર અર્થે આજુબાજુ ના ગામો પર થી આવે છે. આ બધા ગૌ વંશ ને દર્દ થી છુટકારો આપવા નું કામ આ હોસ્પિટલ માં નિસ્વાર્થ થાય છે

માં ગૌ સેવા હોસ્પિટલ મા આ બિલકુલ અને અપંગ ગૌ માતા ઓ ને પોષ્ટિક આહાર મા લાપસી કે જેમા ગોળ, તેલ,હળદર,ઘવ નો લોટ, કપિસીયા,ખોળ, સુઠ પાવડર જેવી અવસધી ઓ ઉમેરી ને આપવામાં આવે છે. સાથે સાથે યોગ્ય નિરણ ને સારવાર પણ્ સમયસર થાય છે.

અહીં મકરસંક્રાંતિ ના દિવસે ૨૧ કુંડી ગાયત્રી યજ્ઞ પણ્ થાય છે જેથી આ બિમારી અને અસ્કત ગૌ માતા ને સારવાર સાથે એક પોઝીટીવ ઊર્જા મળે.

ગૌવંશની નિઃસ્વાર્થભાવે દિવસ-રાત સેવા કરતા ગૌશાળાના ગોવાળ અને સેવકોનું પૂજન-અર્ચન કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગૌસેવા એ જ સાચી પ્રભુસેવા છે તે સૂત્રને સાર્થક કરતા આ પ્રસંગે માંગરોળ થી શ્રીમતી પારુલ બહેન જાદવ તેમજ તેમની ટીમ દ્વારા ગત વર્ષે પણ સુંદર આયોજન થયેલું અને ગૌ માતા નો શણગાર સહિત લીલા શાકભાજી નો અન્ન કોટ જેવા સુંદર આયોજનો માટે પારુલ બહેન જાદવ તેમજ અનેક બહેનો ની ટીમ સાથે નિયમિત ગૌ શાળા ની મુલાકાત લેવા માં આવે છે

ઉપસ્થિત સૌ નાગરિકોએ ગૌસેવાનો સંકલ્પ દોહરાવ્યો હતો અને આ પર્વની દિવ્ય વાતાવરણમાં ઉજવણી કરી હતી.

ગૌ સેવક નયનભાઈ ઠક્કર,શ્રી મોહનભાઈ પંડિત સેવા ના ભેખ ધારી શ્રી નાથા ભાઈ નંદાણીયા, પદુબાપુ રાયજાદા, લક્ષ્મણ ભાઈ ,નારણભાઈ ખેતરપાળ ,નરેશ બાપુ, સુદિપ ભાઈ ગઢીયા,વિક્રમભાઈ, રયા ભાઈ ગોવાળ, ડો પરાગભાઇ ડાકી તેમજ માંગરોળ થી પધારેલા પારુલ બેન જાદવ તથા તેમની ટીમ,શિવમ ચક્ષુદાન, સંજીવની નેચર ફાઉન્ડેશન,વંદેમાતરમ ગ્રુપ,આ તકે ઉપસ્થિત રહી આ સેવા કાર્ય ને દીપાવ્યું હતું

— SUDIP GADHIYA

POLITICS

ધાંગધ્રામાં પૂર્વ મંત્રીઆઈ કે જાડેજા સાહેબના જન્મદિવસ પર સેવાકીય કાર્યક્રમો અને સલીમ ઘાંચીનું સન્માન



બ્રેકિંગ ન્યુઝ

ધાંગધ્રામાં પૂર્વ મંત્રીઆઈ કે જાડેજા સાહેબના જન્મદિવસ નિમિત્તે વિવિધ સેવાકીય કાર્યોનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સ્થાનિક સંગઠનો દ્વારા સ્વચ્છતા, વૃક્ષારોપણ અને આરોગ્ય ચકાસણી જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી.

વિશ્વકર્માજી ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યું. તેમણે સેવાકીય કાર્યની મહત્વતા અને સમાજમાં સહકારની ભાવનાને પ્રોત્સાહિત કરતા, હાજર જનતા સાથે વાતચીત કરી

ધાંગધ્રા બ્લડ ડોનેટ ગ્રુપના સલીમ ઘાંચીનું પણ આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું. તેમની નિષ્ઠાવાન બ્લડ ડોનેશન કામગીરીને ઉજાગર કરવા માટે તેમને સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યું.

કાર્યક્રમ અંતે હાજર રહેનારાઓએ એકતા અને સહકારની ભાવનાને મજબૂત બનાવવા માટે પ્રતિજ્ઞા લીધી અને સ્થાનિક સ્તરે વધુ સેવાકીય પહેલો ચાલુ રાખવાની અપેક્ષા વ્યક્ત કરી

રિપોર્ટર સિકંદર ભટ્ટી ધાગધ્રા

— Bhatti Sinkandar Gulabbhai

CRIME

બાબરા પોલીસની સફળતા: અપહરણ-પોસ્કો કેસમાં 23 વર્ષીય આરોપી અલ્પેશ સકાળીયા પકડાયો



બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને પોસ્કો કેસમાં બાબરા પોલીસની સર્વેલન્સ ટીમને મહત્વપૂર્ણ સફળતા મળી છે. હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની સહાયથી આરોપી અને ભોગ બનનારને શોધી કાઢવામાં આવ્યા.

આરોપી અલ્પેશભાઈ દેવુભાઈ સકાળીયા, 23 વર્ષનો, સુરેન્દ્રનગર જિલ્લાની સાયલા તાલુકાના નિનામા ગામથી પકડાયો. તેમની રહેવાસી પોલારપુર, ત. જસદણ, જિ. રાજકોટ છે.

અલ્પેશભાઈ સામે BNS ના કલમ 139(2), 87, 64(2)(M), 65(2)(M) તેમજ POCSO અધિનિયમની કલમ 4, 5, 6 હેઠળ કેસ નોંધાયો છે.

ઓપરેશન ભાવનગર રેન્જ IG અને અમરેલી SP ના માર્ગદર્શન હેઠળ બાબરા PI MB ઓસુરાની ટીમે સફળતા મેળવી. આ કામગીરીમાં ટીમની ઝડપ અને નિષ્ણાતી મુખ્ય કારણ રહી.

ભોગ બનનારને પણ શોધી મળી આવ્યો છે અને કેસની તપાસ ચાલુ છે.

Nondh:પોસ્ટર AI થી બનાવેલું છે જે ધ્યાન મા. લેવું

— Rangpara Shaileshbhai

NATIONAL

ગાંધીનગરમાં MLA ક્વાર્ટર પર ગુજરાતના યુવા મિત્રો સાથે સંવાદ કરવાની જોરદાર મજા આવી. લગભગ ચાર-પાંચ કલાક સુધી ચર્ચાઓ ચાલી.



ગાંધીનગરમાં MLA ક્વાર્ટર પર ગુજરાતના યુવા મિત્રો સાથે સંવાદ કરવાની જોરદાર મજા આવી. લગભગ ચાર-પાંચ કલાક સુધી ચર્ચાઓ ચાલી.

મારો પ્રયાસ હતો કે આ મુલાકાત માત્ર ફોટા અને વીડિયો પૂરતી ન રહે, પણ સાચી અને ખુલ્લા મનની વાતચીત થાય. અને ખરેખર એવું જ થયું. અલક-મલકના વિષય ઉપર જોરદાર ચર્ચા થઈ. મને પોતાને પણ તમારી સાથે વાત કરવાની અને તમારા મનમાં ચાલતા પ્રશ્નો સમજવાની મજા પડી.

સામાજિક, રાજકીય અને બીજા અનેક વિષયો પર મન ખોલીને ચર્ચા થઈ. યુવાનોના સવાલો ધારદાર હતા, વિચારો સ્પષ્ટ હતા અને ઉત્સાહ તો ગજબનો હતો!

સાથે મળીને ગુજરાત વિધાનસભાની મુલાકાત પણ લીધી. જ્યાં રાજ્યના કાયદા ઘડાય છે, ત્યાં નજીકથી લોકશાહી જોવાનો અનુભવ સૌ માટે ખાસ રહ્યો. ખૂબ ગમ્યો હશે. જે મિત્રો આ વખતે નથી આવી શક્યા, એમને આવતી વખતે ચોક્કસ મળીશું.

મારે તમને બધાને ફરીથી મળવું છે, શું હું તમને મળી શકું?

#સ્નેહમિલન #યુવાસંવાદ #ગુજરાતવિધાનસભા #Gandhinagar Gujarat YouthConnect Visavadar

— Solanki Bhadreshkumar Javanbhai, Gandhinagar

RELIGION

માનગઢધામના ઐતિહાસિક બલિદાનને કોટિ કોટિ વંદન!



માનગઢધામના ઐતિહાસિક બલિદાનને કોટિ કોટિ વંદન!

આજરોજ 17 નવેમ્બરના રોજ સંતરામપુર તાલુકાના ઐતિહાસિક માનગઢધામ ખાતે માનગઢ ક્રાંતિના મહાનાયક ગોવિંદ ગુરુજી અને શહીદ આદિવાસી વીરોના અદ્વિતીય બલિદાનને સ્મરણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

17 નવેમ્બર, 1913ના રોજ માનગઢની પવિત્ર ધરતી પર થયેલા ઐતિહાસિક બલિદાનમાં આશરે 1500 આદિવાસી ભાઈ-બહેનોએ પોતાના પ્રાણોની આહુતિ આપી હતી.

આ પ્રસંગે ભારત માતાના મંદિરે તથા ગોવિંદ ગુરુજીના ધામ ખાતે આરતી કરી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પંચમહાલ ઝોનલ ગાયત્રી પરિવાર દ્વારા ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચમહાલ ઝોનલ ગાયત્રી પરિવારના રામજીભાઈ ગરાસીયા, સંતરામપુર એપીએમસીના ચેરમેનશ્રી સી. સી. તાવીયાડ તેમજ પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

માનગઢની આ પવિત્ર ભૂમિ આપણને આદિવાસી સમાજના શૌર્ય, સંઘર્ષ, એકતા, બલિદાન અને સ્વાભિમાનની પ્રેરણા આપે છે.

માનગઢના અમર શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ!

જય જોહાર! જય આદિવાસી!

— Solanki Bhadreshkumar Javanbhai

ડભોઈ રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા PSI એકતાબેન જયંતીભાઈ પંડ્યા રૂ.૨૦,૦૦૦ ની લાંચ લેતા ઝડપાયા.



ડભોઈ રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા PSI એકતાબેન જયંતીભાઈ પંડ્યા રૂ.૨૦,૦૦૦ ની લાંચ લેતા ઝડપાયા.ફરિયાદી નામદાર ગુજરાત હાઇકોર્ટ અમદાવાદ ખાતેથી આગોતરા| જામીન મંજુર કરાવી પોલીસ સ્ટેશન ખાતે હાજર થયેલ. જે વખતે આક્ષેપિતે ફરિયાદીનો મોબાઈલ ફોન લઈ લીધેલ, જે મોબાઈલ ફોન પરત આપવાના બદલા પેટે આરોપીએ માંગી હતી લાંચ.

— Naresh katua

રાજુલા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા કોટડી ગામનું "ખેત તલાવડી" લોન્ચિંગ



ગુજરાત રાજ્યપાલ આદરણીય આચાર્ય દેવવ્રત જી રાજુલા વિસ્તારની મુલાકાતે પધાર્યા અને સ્થાનિક અધિકારીઓ દ્વારા સન્માનિત થયા.

પ્રગતિશીલ ખેડૂત અને કોટડી ગામના સરપંચ શ્રી મનુભાઈ આહિર દ્વારા બનાવેલ "ખેત તલાવડી" ના લોકાર્પણ કાર્યક્રમમાં રાજ્યપાલની ઉપસ્થિતિ રહી. આ કાર્યક્રમમાં ખેત તલાવડીની રચના અને તેનો પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગ દર્શાવવામાં આવ્યો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતએ સરપંચ મનુભાઈ આહિરનાં વિચારો સાંભળ્યા, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની તેમની પ્રતિબદ્ધતા અને ખેડૂતો માટેની સહાયની જરૂરિયાતો પર ચર્ચા કરી.

સમારંભમાં રાજ્યપાલ દ્વારા "જય કિશાન જય જવાન" નો નારો ઉચ્ચારવામાં આવ્યો, જે કૃષિ અને રક્ષા ક્ષેત્રની પ્રગતિ માટેની તેમની સહયોગની ભાવનાને દર્શાવે છે.

— Solanki Bhadreshkumar Javanbhai

હિંડોરણા ચોકડી પાસે અકસ્માતમાં ફસાયેલ પ્રસૂતા મહિલા અને નવજાત શિશુની મદદે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી



હિંડોરણા ચોકડી પાસે અકસ્માતમાં ફસાયેલ પ્રસૂતા મહિલા અને નવજાત શિશુની મદદે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી

રાજ્યપાલશ્રીના કાર્યક્રમમાંથી પરત ફરતી વેળાએ પ્રોટોકોલ છોડીને કાફલો રોક્યો, પોતાની ગાડીમાં માતા અને નવજાત બાળકને બાબરકોટ ઘર સુધી પહોંચાડ્યાં

રાજુલાના હિંડોરણા ચોકડી પાસે પ્રસૂતા મહિલા અને તેના નવજાત શિશુને અકસ્માત નડતાં મુશ્કેલીમાં મુકાયાં હતાં. આ દરમિયાન રાજ્યપાલશ્રીના કાર્યક્રમમાંથી પરત ફરી રહેલા રાજુલા જાફરાબાદ ખાંભાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની નજર અકસ્માતગ્રસ્ત મહિલા પર પડતાં તેમણે તાત્કાલિક પોતાનો કાફલો રોકાવી મદદ માટે આગળ આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામના ગીતાબેન મહેશભાઈ ચૌહાણ રાજુલા ખાતે પ્રસૂતિ માટે આવ્યાં હતાં. પ્રસૂતિ બાદ નવજાત શિશુને લઈને તેઓ પોતાની કારમાં બાબરકોટ તરફ જઈ રહ્યાં હતાં. તે દરમિયાન હિંડોરણા ચોકડી પાસે તેમની કારને અકસ્માત નડતાં માતા અને નવજાત બાળક મુશ્કેલીમાં મુકાયાં હતાં.

આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ પોતાનો પ્રોટોકોલ અને કાફલો રોકીને તાત્કાલિક વાહનમાંથી નીચે ઊતરી મહિલાની સ્થિતિ જાણી હતી. માનવતાને પ્રાધાન્ય આપીને તેમણે માતા અને નવજાત શિશુને પોતાની ગાડીમાં બેસાડ્યાં અને પરિવારજનો સાથે સુરક્ષિત રીતે બાબરકોટ ખાતે તેમના ઘર સુધી પહોંચાડ્યાં હતાં.

એક જનપ્રતિનિધિ તરીકે જવાબદારીની સાથે માનવતાને પણ પ્રાધાન્ય આપીને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ કપરા સમયે એક માતા અને નવજાત શિશુની મદદે પહોંચી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

— Anil Vaghela

અશ્વિનભાઈ તબિયાડની હત્યા કેસમાં સળગેલી અર્ટિગા કારમાંથી માનવ કંકાળ મળ્યા, પોલીસે મહિલા કોન્સ્ટેબલ સહિત ચાર શંકાસ્પદોને ધરપકડ



અરવલ્લી જિલ્લાની ભિલોડા તાલુકામાં આવેલ પાદરા ગામમાં હાથમતી નદીના કિનારે સળગેલી અર્ટિગા કારમાંથી માનવ અવશેષો મળ્યા, જે સ્થાનિક સ્તરે ચકચારીનું કારણ બન્યું.

ફરિયાદ અનુસાર, અશ્વિનભાઈ તબિયાડની હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે કારને આગ લગાવી હતી, અને સળગેલી કારમાંથી કંકાળ મળી આવ્યા.

ભિલોડા પોલીસએ તપાસ દરમ્યાન મહિલા કોન્સ્ટેબલ સહિત ચાર શંકાસ્પદ વ્યક્તિઓને ધરપકડ કરી, જેમને આ હત્યા અને પુરાવા નાશ કરવાનો આરોપ છે.

અરવલ્લી જિલ્લા પોલીસ અધિકારી મનોહરસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સમાં કેસની વિગતવાર માહિતી આપી, અને હત્યા પાછળનું કારણ, સંબંધિત વ્યક્તિઓની ભૂમિકા અને અન્ય પાસાઓની તપાસ ચાલુ છે.

— Kirankumar dahyabhai thakarda

LOCAL

નિસરાયા ગ્રામ પંચાયતમાં કથિત ગેરવહીવટમાં મહિલા સરપંચ સ્મિતાબેન રાજને સસ્પેન્ડ



નિસરાયા ગ્રામ પંચાયતમાં કથિત ગેરવહીવટ ની ફરિયાદો મળ્યા બાદ સંબંધિત અધિકારીઓએ તપાસ શરૂ કરી. તપાસમાં વિવિધ નાણાકીય અને પ્રોજેક્ટ સંબંધિત અનિયમિતતાઓ ની જાણ મળી.

તપાસના પરિણામો આધારે, પંચાયતની મહિલા સરપંચ સ્મિતાબેન રાજને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવી. સસ્પેન્ડ

નું નિર્ણય પંચાયતની ઉચ્ચ અધિકારી યુક્ત સમિતિએ લીધો.

સસ્પેન્ડ થી પંચાયતની કામગીરીમાં તાત્કાલિક ફેરફાર થશે અને નાણાકીય વ્યવસ્થાપનને પારદર્શક બનાવવા માટે નવી દેખરેખ વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવશે.

— govindbhai padhiyar

LOCAL

શિનોર ગામના વોર્ડ નંબર ૬ માં નવા બોરિંગ કામનું ખાતમુહૂર્ત.



વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના શિનોર ગામમાં વોર્ડ નંબર ૬ ખાતે નવા બોલિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ વિકાસ કાર્યના શુભારંભ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને પદાધિકારીઓએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમમાં વડોદરા જિલ્લાના પૂર્વ બાંધકામ સમિતિ ચેરમેન અને જિલ્લા કોષાધ્યક્ષ સચિનભાઈ પટેલ, શિનોર તાલુકાના પૂર્વ લઘુમતી મોરચાના પ્રમુખ ઝહિરભાઈ પઠાણ, ડેપ્યુટી સરપંચ નીતિનભાઈ ખત્રી, તેમજ ગ્રામ પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ નવા બોરિંગ કામથી સ્થાનિક વિસ્તારના વિકાસને વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. ગામના નાગરિકોમાં પણ આ વિકાસ કાર્યને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

— Shahid Rathod

હિંમતનગર પોલીસ સ્ટેશનમાં ટ્રાફિક ઉલ્લંઘનકારોને કાયદાનું ભાન કરાવ્યું..



સાબરકાંઠામાં-:

વિસ્તારમાં આજે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર લુખ્ખા તત્વોને પોલીસ દ્વારા કાયદાનું ભાન કરાવાયું.પોલીસ અધિકારીઓએ રસ્તા પર ગેરકાયદેસર રીતે વાહન ચલાવતા અને ટ્રાફિક નિયમોનું પાલન ન કરતા વ્યક્તિઓને અટકાવીને તેમની સામે કાયદાની કાર્યવાહી કરી..

પોતાને રસ્તાનો માલિક માને છે,તેમને ગુંટણીએ લઈ કાયદાની સજા માટે તૈયાર કરવામાં આવ્યા.આ પગલાંથી રસ્તાની સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો લાવવા પોલીસની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી.

— એસ એ શિરોયા